૯|૫|૨૦૧૫

# જિલ્લા માહિતી કચેરી
# સાબરકાંઠા-હિંમતનગર

**સમાચાર સંખ્યા- ૧૭૬**

**૦૯ મે ૨૦૧૫**

આ પ્રેસનોટ www.gujaratinformation.net વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ છે.

## સમાજ નિર્માણ માટે ઉપયોગી થાય તેવા શિક્ષણની જરૂરિયાત ઉપર ભાર મુકતા રાજયપાલશ્રી ઓ.પી. કોહલી

---

## ઇડરની યુનિક ઇનટરનેશનલ સ્કૂલ ખાતે સન્માન સમારોહ યોજાયો

---

### શ્રેષ્ઠ વિધાર્થીઓ, શિક્ષકો અને મહાનુભાવોનું થયેલુ સન્માન

સાબરકાંઠા જિલ્લાની ઇડર ખાતેની યુનિક ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે સન્માનીય રાજયપાલશ્રી ઓ.પી.કોહલીના અધ્યક્ષસ્થાને શ્રેષ્ઠ વિધાર્થીઓ, શિક્ષકો તથા વ્યકતિ વિશેષ વગેરેનો સન્માન સમારોહ યોજાયો હતો

સમારોહના અધ્યક્ષ સ્થાનેથી રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, શાળાએ બાલ્યાવસ્થામાં અનોખુ કામ કરી શાળાને નવો આકાર આપ્યો છે. શાળાની અદ્રિતીય કામગીરીથી શાળાનું નામ ખરેખર યુનીક સાર્થક થાય છે શાળાએ ત્રણ વર્ષના ટૂંકા સમયગાળામાં ભાવિ સંભાવનાઓ ઉજાગર કરવાનો પ્રયાસ કરીને વાલીઓ અને લોકામાં વિશ્વાસ ઉભો કર્યો છે.

રાજયપાલશ્રીએ વધુમાં ઉમેર્યુ કે આ સંસ્થાને પ્રેરણા આપવાનું કામ પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે કર્યુ છે. તેમના મતે ગામડાઓમાં શહેરકક્ષાની સુવિધાઓ પ્રાપ્ત થાય તે જરુરી છે. ગામડામાં વસતા બાળકોને પણ ઉચ્ચ કક્ષાનું શિક્ષણ મળી રહે તે માટેનું કામ આ શાળા ધ્વારા હાથ ધરવામાં આવ્યું છે. જે દ્વારા ગામડાના લોકોનું શિક્ષણ રોજગાર અને આરોગ્યની સુવિધાઓ માટે શહેરોમાં થતું સ્થાળતંર અટકશે.

આજે શાળામાં વિશિષ્ટ પ્રતિભા ધરાવતા વિધાર્થીઓ, શિક્ષકો અને મહાનુભાવોએ શિક્ષણ સંવર્ધન કાર્ય કર્યુ છે તેમ જણાવીએ રાજયપાલશ્રીએ જણાવ્યું કે શિક્ષણના વ્યાપ માટે શિક્ષક,વિધાર્થી-અને સમાજ એ મુખ્ય ત્રણ મહત્વના પરિબળો છે.

(૨ા૧૬૦૨)

રાજયપાલશ્રીએ શિક્ષણની અસરકારતા વિષે વાત કરતા જણાવ્યું હતું કે જે સંસ્થાનું સંવર્ધન સમાજ ધ્વારા કરવામાં આવે છે તે સમાજનિર્માણ માટે લાભદાયી નિવડે છે.

મનુષ્યની મહાનતા પ્રગટ કરવાની વાત કરતા રાજયપાલ શ્રીએ જણાવ્યું હતું કે, વિધાર્થીઓમાં છુપાયેલી શક્તિઓને બહાર લાવવાની સાથે તેની પુર્ણતાને બહાર લાવવાનુ કામ સૌએ કરવાનું છે.

તેમણે શિક્ષક માત્ર  વેતનભોગી ન હોવો જોઇએ તે મનુષ્ય  નિમાર્ણ કર્તા હોવો જોઇએ. જે અપુર્ણતાથી પૂર્ણતા તરફ લઇ જાય જો શિક્ષકમાં સર્જનાત્મકના હોય તો જ  બાળકોમાં સર્જન શકિત  આવી શકે છે. તેમણે બાળકોમાં નેતૃત્વના ગુણોનો વિકાસ કરવા પર ભાર મુકયો હતો. તેમણે પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામની વાત કરતા જણાવ્યું હતું કે, પડકારોને તકમાં પરીવર્તિત કરવી જોઇએ.

રાજયપાલ શ્રી એ વિકાસશીલ થી વિકસીત તરફ પ્રયાણ કરી રહેલા આપણા દેશમાં બદલાતા શિક્ષણની વાત કરતા જણાવ્યું હતું કે, દેશની આર્થિક પ્રગતિની સાથે સાથે આપણે વિજ્ઞાનીઓ, ટેકનોક્રેટ, મેનેજમેન્ટ, કોર્મસના તજજ્ઞોની જરૂરીયાત સાથે સંસ્કારિતાની પણ આવશ્યકતા છે.

આદર્શરૂપ શિક્ષણની પહેલ કરનાર યુનિક સ્કૂલને અભિનંદન પાઠવતા રાજયના સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, શિક્ષણ સાથે આનુષાંગિક પ્રવૃતિઓને વેગ આપવાનું કામ આ શાળા ધ્વારા કરવામાં આવ્યું છે. શિક્ષણક્ષેત્રેમાં પડતી વિટંબણાઓનો ઉલ્લેખ કરી માત્ર ભૌતિક સુવિધાઓ આપવી પુરતી નથી પરંતુ સાચા અર્થ શિક્ષણધર્મ બજાવવા માટે તેઓએ અપીલ કરી હતી.

સન્માન સમારોહમાં સાબરડેરીના ચેરમેન શ્રી જેઠાભાઇ પટેલ, પુર્વાચાર્ય એન.યુ. રાજયગુરૂ, ઇડર આજણા પાટીદાર સમાજ પ્રમુખ શ્રી વિનુભાઇ પટેલ  સહિત શિક્ષણ તજજ્ઞ અને વાલીઓતથા બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

.......................................